**આશ્રમશાળાઓમાં ધો.૧ થી ૫ (પ્રાથમિક) અને ધો.૬ થી ૮ (ઉચ્ચ પ્રાથમિક)માં નિમણૂક પામેલ ઉમેદવારોને ફાજલ જાહેર થયેથી રક્ષણ આપવા બાબત**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક : SJED/ASC/e-file/17/2025/0818/K,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા :-**

(૧) મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૧૧/૧૯૮૮ નો ઠરાવ ક્રમાંક:અમશ/૧૪૮૮/૬૬૫/ગ

(૩) શિક્ષણ વિભાગનો તારીખ: ૨૧/૦૭/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક ખપશ-૧૦-૨૦૧૪-૭૫૭૭૦-ચ

(૪) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૨૧/૦૬/૨૦૨૪નો પત્ર ક્ર: અજાક/ગ/આ.શા./૨૦૨૪/૩૫૬૧-૬૨

(૫) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)નો તા.૨૧/૦૬/૨૦૨૪નો પત્ર ક્ર: વિજાક/અમશ/ફાજલનીતિ/૨૦૨૪-૨૫/૧૬૨

**<u>પ્રસ્તાવના</u>**

આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક :(૨) પરના ઠરાવથી રાજયમાં આવેલ આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળાની યોજનાના અમલ માટેના સર્વે ઠરાવો, પરિપત્રો, યાદી વગેરેમાંની જોગવાઈઓને એક સળંગ અને સંકલિત સ્વરૂપમાં બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવની જોગવાઈ મુજબ આશ્રમશાળામાં પ્રથમ વર્ષે ૧૫ કુમાર અને ૧૫ કન્યા એમ કુલ - ૩૦ છાત્રોને પ્રવેશ આપ્યા પછી દર વર્ષે ૧૦ કુમાર અને ૧૦ કન્યા એ રીતે ક્રમિક વિકાસ થયેથી ધોરણ ૧ થી ૭ નો અભ્યાસક્રમ ચાલતો હોય તેવી આશ્રમશાળામાં છાત્રોની માન્ય સંખ્યા ૧૨૦ ની મર્યાદામાં નક્કી કરવામાં આવેલ હતી. આ સંખ્યા પૂર્ણ થાય ત્યારે તે આશ્રમશાળાને પૂર્ણ વિકસીત ગણવાની જોગવાઈ હતી.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના ઠરાવથી શિક્ષણ વિભાગ હસ્તકની અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ અમલમાં આવતાં વિદ્યાર્થીઓની સંખ્યાના અભાવે વર્ગ બંધ થવાથી અથવા શાળાઓ બંધ થવાને લીધે ફાજલ પડતા શિક્ષકોને રક્ષિત ગણી તેઓને ફાજલ કર્મચારીઓને મળતા લાભ આપવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઈ મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં ધો.૧ થી ૫ પ્રાથમિક અને ધો.૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિકમાં માન્ય સંખ્યા નિયત કરવાના કારણે, વિદ્યાર્થીની સંખ્યાના અભાવે વર્ગ બંધ થવાથી અથવા આશ્રમશાળાઓ બંધ થવાને લીધે નિમણૂક પામેલ ઉમેદવારોને ફાજલ જાહેર થયેથી રક્ષણ આપવા વંચાણે લીધેલ ક્રમાંક : (૪) અને (૫) પરના નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) અને નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) ના પત્રથી દરખાસ્ત કરેલ છે. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**<u>ઠરાવ :-</u>**

મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ની જોગવાઈ મુજબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળાઓમાં ધો.૧ થી ૫ (પ્રાથમિક) અને ધો.૬ થી ૮ (ઉચ્ચ પ્રાથમિક)માં માન્ય સંખ્યા નિયત કરવાના કારણે, વિદ્યાર્થીની સંખ્યાના અભાવે વર્ગ બંધ થવાથી અથવા આશ્રમશાળાઓ બંધ થવાને લીધે નિમણૂક પામેલ ઉમેદવારોને ફાજલ જાહેર થયેથી નીચે જણાવેલ શરતોને આધીન રક્ષણ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આશ્રમશાળાના મંજુર થયેલ મહેકમ પર નિયમોનુસાર નિમણુંક પામેલા હોય તેવા ફાજલ જાહેર થયેલ / થનાર શિક્ષકને જ ફાજલ તરીકેનુ રક્ષણ મળવાપાત્ર રહેશે.

(૨) શિક્ષકને ફાજલ કરવાના કિસ્સામાં જે તે આશ્રમશાળામાં નિમણૂક પામેલ સૌથી જુનિયર શિક્ષકને ફાજલ ગણવાના રહેશે. એક કરતા વધારે શિક્ષક ફાજલ થાય તો ક્રમાનુસાર સૌથી જુનિયર શિક્ષકથી શરૂ કરીને નીચેથી ઉપરના ક્રમમાં

શિક્ષકોને ફાજલ જાહેર કરવાના રહેશે.

(૩) ફાજલ જાહેર કરવાની તથા ફાજલ તરીકે અન્ય આશ્રમશાળામાં સમાવવા અંગેની કામગીરી સંબંધિત નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) કે નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા કરવાની રહેશે.

(૪) દરેક જિલ્લા કચેરીએ ફાજલ કર્મચારીઓ માટેનું ફાજલ કર્મચારી રજિસ્ટર નિભાવવાનું રહેશે.

(૫) ધો. ૧ થી ૫ માં ફાજલ થયેલ શિક્ષકને જે તે જિલ્લામાં આવેલ આશ્રમશાળાઓમાં આવેલ ધો. ૧ થી ૫ ની ખાલી જગ્યા ઉપર મૂકવાના રહેશે. જો તે જિલ્લામાં ધો. ૧ થી ૫ની જગ્યા ખાલી ના હોય તેવા સંજોગોમાં સીમાવર્તી જિલ્લાની આશ્રમશાળાની ધો. ૧ થી ૫ની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે અને તે પ્રમાણે પણ જગ્યા ખાલી ન હોય તો રાજ્યના અન્ય જિલ્લાની આશ્રમશાળાની ધો. ૧ થી ૫ ની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે.

(૬) ધો. ૬ થી ૮ માં ફાજલ થયેલ શિક્ષકને જે તે જિલ્લામાં આવેલ આશ્રમશાળાઓમાં આવેલ તેઓના સંબંધિત વિષયની ખાલી જગ્યા ઉપર મૂકવાના રહેશે. જો તે જિલ્લામાં સંબધિત વિષયની ખાલી જગ્યા ના હોય તેવા સંજોગોમાં સીમાવર્તી જિલ્લાની આશ્રમશાળાની સંબંધિત વિષયની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે. અને તે પ્રમાણે પણ જગ્યા ખાલી ન હોય તો રાજ્યના અન્ય જિલ્લાની આશ્રમશાળાની સંબંધિત વિષયની ખાલી જગ્યા પર સમાવવાના રહેશે. સમગ્ર રાજ્યમાં ધો.૬ થી ૮માં સંબંધિત વિષયની જગ્યા ખાલી ન હોય તો ફાજલ શિક્ષકના સ્નાતક કક્ષાના ગૌણ વિષયને ધ્યાને લઈ જે તે જિલ્લાની આશ્રમશાળામાં/અન્ય આશ્રમશાળામાં મૂકવાની કાર્યવાહી કરવાની રહેશે.

(૭) આશ્રમશાળામાં ઓગષ્ટ અંતિત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ, મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇઓ મુજબ શિક્ષકોને ફાજલ કરવા બાબતે નિર્ણય કરવાનો રહેશે. ફાજલ થનાર શિક્ષકોની દરખાસ્ત સબંધિત નિયામકશ્રીની કચેરીને સપ્ટેમ્બર માસમાં ફરજિયાત મોકલી આપવાની રહેશે. સબંધિત નિયામકશ્રીની કચેરીએ દરખાસ્ત મળ્યેથી ફાજલ થનાર શિક્ષકોને ત્રણ માસમાં અન્ય આશ્રમશાળામાં સમાવવા અંગેની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. ઉપરોક્ત કાર્યવાહી દરમિયાન ફાજલ થનાર શિક્ષકોએ તેઓની મૂળ આશ્રમશાળામાં સ્થળ ઉપર રહીને શૈક્ષણિક કાર્યમાં ભાગ લેવાનો રહેશે.

(૮) ફાજલ થયેલ શિક્ષકને અન્ય આશ્રમશાળાની ખાલી જગ્યા પર મૂકવા બાબતે નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) કે નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) નો આદેશ આખરી ગણવામાં આવશે. હુકમ થયાના દિન-૦૭ માં ફાજલ થયેલ શિક્ષક તેને ફાળવેલ જગ્યા પર હાજર નહીં થાય તો તેઓની નોકરી ગમે તેટલા વર્ષની હોય તો પણ તેઓનું ફાજલનું રક્ષણ રદ કરવાનું રહેશે અને નોકરીના વર્ષ ધ્યાને લીધા વિના નોકરીમાંથી છૂટા કરવાની નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૯) ફાજલ થયેલ કર્મચારીને અન્ય આશ્રમશાળામાં ફાળવવામાં આવે ત્યારે રોસ્ટર પોઇન્ટ ધ્યાને ન લેતાં ફાજલ કર્મચારી મૂળ નિમણૂક પામેલ આશ્રમશાળાના કર્મચારી ગણાશે. આવનાર શૈક્ષણિક વર્ષમાં જે આશ્રમશાળામાંથી શિક્ષક ફાજલ થયેલ હોય તે આશ્રમશાળામાં ઓગષ્ટ અંતિત પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ ની જોગવાઇઓ મુજબ શિક્ષકની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં અગાઉ તે આશ્રમશાળામાંથી ફાજલ થયેલ શિક્ષકને મૂળ આશ્રમશાળામાં પુન: સમાવવાના રહેશે.

(૧૦) કોઈ પણ ફાજલ શિક્ષક જગ્યાની ફાળવણી વગર ન રહે અને કામગીરી વિના ન રહે તેની તમામ તકેદારી આશ્રમશાળાની કામગીરી સંભાળતા સંબંધિત જિલ્લા અધિકારીશ્રીએ રાખવાની રહેશે. આવા કોઈ કેસ ધ્યાને આવવાની સ્થિતિમાં તે અધિકારીશ્રીની અંગત જવાબદારી ગણવાની રહેશે.

(૧૧) શિક્ષક ફાજલ થાય તે કિસ્સામાં જો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની રાજ્યની અન્ય આશ્રમશાળાઓમાં ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સામાં નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) કે નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા “હાલ જગ્યાના અભાવે શિક્ષકને ફાળવી શકાય તેમ નથી તથા તેઓની સંબંધિત જગ્યા ખાલી પડતાં કે નવી જગ્યા ઊભી થયેલ તેઓને ફાળવવામાં આવશે” તેવા વિધિવત આદેશ કરવાના રહેશે અને એવો આદેશ થયેથી ફાજલ શિક્ષકને પુન:ફાળવણીના આદેશ ન થાય તે સમય દરમિયાન શિક્ષકને પગાર, પગાર ભથ્થા તેમજ અન્ય સેવાકીય લાભો મળવાપાત્ર રહેશે નહી. તેમજ ફાજલનું રક્ષણ મેળવનાર કર્મચારી જેટલો સમય કામગીરી વિના ફાજલ રહે તેટલા સમયગાળાના પગાર ભથ્થા મળવાપાત્ર રહેશે નહિ તેમજ આ સમયગાળો કોઇ પણ સેવાકીય લાભો માટે ગણતરીમાં લેવાનો રહેશે નહિ.

(૧૨) નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) કે નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) દ્વારા ઠરાવના અમલના કારણે ફાજલને રક્ષણ આપવાપાત્ર કિસ્સાઓમાં જરૂરી આનુષંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) સ્વૈચ્છિક નિવૃત્તિ લીધેલ, વયનિવૃત્ત થયેલ, મૃત્યુ પામેલ શૈક્ષણિક/બિન શૈક્ષણિક કર્મચારીઓના કેસ રી-ઓપન કરવાના રહેશે નહી.

(૧૪) આશ્રમશાળા બંધ થવાની સ્થિતિમાં આશ્રમશાળાના મંજૂર મહેકમ ઉપર નિયમોનુસાર નિમણૂક પામેલ શૈક્ષણિક

અને બિન શૈક્ષણિક કર્મચારીને ફાજલ કર્મચારી ગણવાના થાય. વધુમા, મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-૨૦૦૯ની જોગવાઈઓ મુજબ ધો.૬ થી ૮ માટે વિષયવાર શિક્ષકની(ગણિત/વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, ભાષા) નિમણૂક કરવાની હોઈ, જે આશ્રમશાળામાં ધો.૬ થી ૮ ના તમામ વર્ગો બંધ થાય તે સ્થિતિમાં ધો.૬ થી ૮ માટે વિષયવાર નિમણૂક પામેલ શિક્ષકોને ફાજલ ગણવાના થાય. તેમજ જે આશ્રમશાળામાં ધો.૧ થી ૫ ના તમામ વર્ગો બંધ થાય તે આશ્રમશાળામાં ધો.૧ થી ૫ માટે નિમણૂક પામેલ શિક્ષકોને ફાજલ ગણવાના થાય.

(૧૫) ફાળવવામાં આવેલ કર્મચારીને જો સંસ્થા હાજર ન કરે તેવા કિસ્સામાં જેટલો સમય આવા કર્મચારીને કામ વગર પગાર ચુકવવો પડે તે ખર્ચ સંસ્થા/આશ્રમશાળાની ચુકવવાપાત્ર નિભાવ ગ્રાન્ટમાંથી કાપી લેવાની રહેશે. જો આશ્રમશાળાના કર્મચારીને પગાર જેટલી નિભાવ ગ્રાન્ટ મળવાપાત્ર ન હોય તો તેવી આશ્રમશાળાની માન્યતા રદ કરવા માટેની કાર્યવાહી કરવાની રહેશે. ફાજલ કર્મચારીને સંસ્થા દ્વારા હાજર ન કરવામાં આવે તેવા કિસ્સામાંઓમાં આશ્રમશાળાની માન્યતા રદ કરવા અંગેની નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૧૬) ફાજલ જાહેર કરીને અન્ય આશ્રમશાળામાં સમાવવામાં આવેલ શિક્ષકને તે આશ્રમશાળાની પ્રવરતા યાદીમાં સૌથી નીચે મૂકવવામાં આવશે અને તેઓ સૌથી જુનીયર ગણાશે.

(૧૭) સદરહુ નીતિનો અમલ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી જ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૦/૦૭/૨૦૨૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(નરેન્દ્રદાન એચ. ગઢવી)**

સંયુક્ત સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨ સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, (અનુસૂચિત જાતિ કલ્યાણ), બ્લોક નં.૪, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, (વિકસતી જાતિ કલ્યાણ), બ્લોક નં.૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવાન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર, (વિભાગની વેબસાઇટ પર મુકવા માટે)
- નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:N H Gadhavi
Joint Secretary
Date: 2025.07.21
19:05:58 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign